### 1 જૂનથી ઉત્તર અને દક્ષિણ ભારતમાં ટ્રાન્સપોર્ટથી જતાં કાપડના પાર્સલ દીઠ 50 રૂપિયા ભાવ વધશે

# સુરતના કાપડ ઉદ્યોગ પર મોંઘવારીનો માર

**સુરતથી** અમદાવાદ કાપડ બજાર મોકલાતા પાર્સલમાં નંગ દીઠ 10 રૂપિયા ભાવ વધશે, મંદીના માહોલમાં વેપારીઓની ચિંતા વધી

સુરત : પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ.03.01 થી રૂ.03.50 સુધી કરવામાં આવેલા વધારાની સીધી અસર હવે સુરતના ટેક્સટાઈલ ટ્રાન્સપોર્ટ વ્યવસાય પર જોવા મળી રહી છે. સુરતથી ગુજરાત તેમજ દેશના વિવિધ રાજ્યોમાં જતાં કાપડના પાર્સલના ટ્રાન્સપોર્ટેશન ચાર્જમાં 1 જૂનથી વધારો થવાની તૈયારી શરૂ થઈ ગઈ છે.

સુરતના ટેક્સટાઈલ ટ્રાન્સપોર્ટરો દ્વારા અમદાવાદ સહિત ગુજરાતના શહેરોમાં મોકલાતા પાર્સલ દીઠ રૂ.10 સુધીનો વધારો કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, કેરળ અને કર્ણાટક જેવા દૂરના રાજ્યોમાં જતાં પાર્સલ પર લઘુત્તમ રૂ.50નો વધારો નક્કી માનવામાં આવી રહ્યો છે. કેટલાક ટ્રાન્સપોર્ટરો રૂ.60 થી રૂ.70 સુધીનો વધારો પણ વસૂલ કરી શકે છે.

સુરત ટેક્સટાઈલ ગુડ્ઝ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના પ્રમુખ યુવરાજ દેસલેએ જણાવ્યું હતું કે, ડીઝલના ભાવવધારા બાદ ટ્રાન્સપોર્ટરો માટે હાલના દરે વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની રહ્યો છે. જોકે કોઈ અંતિમ નિર્ણય લેતા પહેલા ટેક્સટાઈલ ટ્રેડર્સ સંગઠનો સાથે બેઠક યોજી સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લાંબા અંતરના રૂટ પર ટ્રક ભાડા, ડીઝલ ખર્ચ, ટોલ ટેક્સ અને મજૂરી ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ટ્રાન્સપોર્ટ ચાર્જ વધારવો અનિવાર્ય બની ગયો છે.

### મજૂરોએ પાર્સલ ચાર્જમાં 15 રૂપિયાના વધારાનો નિર્ણય કર્યો

સુરત : સુરત જિલ્લા ટેક્સટાઇલ માર્કેટિંગ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયને પાર્સલ દીઠ મજૂરી દરમાં રૂપિયા 15 નો વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. નવા દરો આગામી તા.1 જૂન, 2026 થી અમલમાં મૂકવામાં આવશે. યુનિયનના પ્રમુખ ઉમાશંકર મિશ્રા તથા પ્રવક્તા શાન ખાને સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ડીઝલ-પેટ્રોલના વધતા ભાવો, વાહન જાળવણી ખર્ચ અને મજૂરોના વધેલા જીવનનિર્વાહ ખર્ચને કારણે હાલના દરોમાં કામ કરવું મુશ્કેલ બન્યું હતું.

### ટ્રાન્સપોર્ટ ખર્ચ વધવાથી વેપાર ઘટી શકે છે

ટેક્સટાઇલ વેપારીઓના જણાવ્યા મુજબ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ સર્જાતા છેલ્લા બે-અઢી મહિનાથી દેશના વિવિધ બજારોમાં નવા પ્રોગ્રામ મળવાનું લગભગ બંધ થઈ ગયું છે.મિલો અને માર્કેટોમાં જે માલ અગાઉ તૈયાર થઈ ગયો હતો તે જ ધીમે ધીમે બહાર મોકલાયો હતો. હવે સુરતની માર્કેટ અને ગોડાઉનમાં ફરીથી તૈયાર માલનો જથ્થો જમા થવા લાગ્યો છે.

### 200ની સામે 75 ટ્રકનો જ વેપાર બચ્યો

ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ લગ્નસરાની સિઝન દરમિયાન જ્યાં દરરોજ 200 થી 300 ટ્રક કાપડ સાથે દેશના વિવિધ રાજ્યોમાં જતી હતી ત્યાં હાલ માંડ 75 જેટલી ટ્રકો જ ચાલી રહી છે.ટ્રાન્સપોર્ટરોનું કહેવું છે કે હાલ બુકિંગમાં ભારે ઘટાડો નોંધાઈ રહ્યો છે અને ઘણી ટ્રકો ખાલી ઉભી રહેવાની સ્થિતિ સર્જાઈ છે.

### કાપડ માર્કેટમાં રિટર્ન ગુડ્ઝનો ઢગલો વધ્યો

ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના બજારોમાં માંગ ઘટતા 15 જાન્યુઆરી બાદ મોકલવામાં આવેલો માલ હવે “રિટર્ન ગુડ્ઝ” તરીકે ફરી સુરત પરત આવી રહ્યો છે.દરરોજ 4 થી 6 ટ્રક ભરેલો કાપડનો જથ્થો સુરત પરત આવી રહ્યો હોવાનું ટ્રાન્સપોર્ટરો જણાવી રહ્યા છે. લગ્નસરાની સિઝન પૂર્ણ થતાં હવે જૂની ડિઝાઇનના કપડાં વધુ પ્રમાણમાં પરત આવવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કારમાં લાગેલી આગે સોલાર ગોડાઉનને ચપેટમાં લેતાં દોડધામ

**અર્ટિગા** કાર સંપૂર્ણ બળીને ખાખ, ગોડાઉનની ૧૦ સોલાર પ્લેટને નુકસાન

સુરત : વરાછા વિસ્તારમાં એ.આર. મોલની પાછળ કલ્પેશભાઈ લાઠિયાનું ‘લાઠિયા સોલાર’ નામનું પતરાના શેડનું ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનની બાજુમાં ખુલ્લી જગ્યામાં અમરોલી કોસાડ આવાસ પાસે આવેલી દ્વારકાધીશ સોસાયટીમાં રહેતા વિજય અમરસિંહભાઈ પટેલની અર્ટિગા કાર પાર્ક કરેલી હતી. બપોરે આ કારમાં અચાનક જ કોઈ કારણસર આગ લાગી હતી. આ આગ જોતજોતામાં બાજુમાં આવેલા સોલારના ગોડાઉનમાં પ્રસરવા લાગી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ફાયરના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને ચારેય તરફથી પાણીનો મારો ચલાવ્યો હતો અને આગને વધુ ફેલાતી અટકાવીને તેના પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. જો કે, અર્ટિગા કાર સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગઈ હતી.

### સહારા દરવાજા ખાતે આવેલી ફર્નિચર રિપેરિંગની બંધ દુકાનમાં આગ ભડકી

સુરત : રિંગરોડ સહારા દરવાજા એનટીએમ માર્કેટની સામે આવેલી ફર્નિચર રિપેરિંગની એક બંધ દુકાનમાં રવિવારે સાંજે આગ ભડકી ઉઠી હતી. બનાવની જાણ કરાતા ત્રણ અલગ અલગ ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી જઈ આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો. પ્રાપ્ત જાણકારી મુજબ, રિંગરોડ ચાર રસ્તા ખાતે ખુરસી, સોફા તથા ફર્નિચર રિપેરિંગ કરવાની એક બંધ દુકાનમાં આજે સાંજે 4:00 કલાકે એકાએક આગ ભડકી ઉઠી હતી. બંધ દુકાનમાંથી ધુમાડો ઉઠતો જોઈ આજુબાજુનાં લોકો એકત્ર થઈ ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને તેની જાણ કરવામાં આવતા માન દરવાજા, ઘાંચીનો ફાયર કાફલો સ્થળ ઉપર તુરંત જ પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતુ કે, દુકાન બંધ હોવાને કારણે તેમણે શટરનું તાળુ તોડી તેમાં પ્રવેશ કર્યો હતો. આગ લાગવાને કારણે ધુમાડો પણ ખુબ મોટા પ્રમાણમાં ઉઠ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને અડધા કલાકે આગ કાબુમાં લઈ લીધી હતી. બાદમાં કુલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યુ ન હોવાનુ પણ ફાયર બ્રિગેડનાં સુત્રોએ ઉમેર્યુ હતુ.

### મોટા વરાછામાં પાર્ક કરેલી કારમાં આગ

સુરતઃ સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં આવેલા ગજેરા કેપર્સના મેદાનમાં આજે બપોરના સમયે પાર્ક કરેલી એક કારમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભડભડ સળગતી કારને જોઈ સ્થાનિક લોકોએ તરત જ ફાયર કંટ્રોલ રૂમને ઘટનાની જાણ કરતાં મોટા વરાછા, કાપોદ્રા અને કોસાડ ફાયર સ્ટેશનોની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર સિદ્ધાર્થ ગઢવીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ દરમિયાન આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. આગ શોર્ટ સર્કિટ કે અન્ય ટેકનિકલ ખામીના કારણે લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચે તે પહેલાં જ આગે કારને તેની લપેટમાં લઈ લીધી હતી તેને કારણે કાર બળીને ખાખ થઈ ગઈ હતી. જો કે ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ પહોંચી ન હતી.

### લસકાણામાં બાઈક આગમાં બળીને ખાખ

લસકાણા વિસ્તારમાં ગલી નંબર 4 માં પાર્ક કરેલી જીજે.૦૧૩.એજી.૨૧૦૫ નંબરની બાઇકમાં સવારે 11-20 વાગ્યાના અરસામાં અચાનક જ કોઈ કારણસર આગ લાગી હતી. બનાવને પગલે સ્થાનિક લોકો દ્વારા ફાયરબ્રિગ્રેડ કંટ્રોલ વિભાગને જાણ કરવામાં આવતા સરથાણા ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો કરી આગને કાબુમાં લીધી હતી. જોકે ત્યાં સુધીમાં બાઈક સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. જેના કારણે કઈ બાઈક હતી તે પણ જાણવા મળ્યું નથી. જોકે આ બાઈક કોની હતી તે પણ હજુ સુધી માલુમ પડ્યું નથી.

### દિલ્હી ગેટ પાસે ફોટો સ્ટુડિયોમાં અચાનક ભીષણ આગ

સુરત : શહેરના દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલી ડાંગી શેરી-૧ માં આવેલા એક મકાનના ચોથા માળે કાર્યરત ફોટો સ્ટુડિયોમાં સાંજના સમયે અચાનક આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને પગલે તાત્કાલિક ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનના જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બનાવની વિગત એવી છે કે, દિલ્હી ગેટ વિસ્તારની ડાંગી શેરીમાં આવેલા ‘ગોપાલ હાઉસ’ નામના રહેણાંક મકાનના ચોથા માળે એક ફોટો સ્ટુડિયો આવેલો છે. આજે સાંજે આશરે ૬:૩૧ વાગ્યાના અરસામાં આ સ્ટુડિયોમાં અચાનક જ કોઈ કારણસર આગ લાગી હતી. આગને પગલે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળતા સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને તેમણે તાત્કાલિક ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. સ્થાનિકોની માહિતી મળતા જ ફાયર વિભાગ એલર્ટ મોડમાં આવ્યું હતું અને તાત્કાલિક અસરથી ઘાંચી શેરી ફાયર સ્ટેશન, નવસારી બજાર ફાયર સ્ટેશન,તાપીપુરા ફાયર સ્ટેશન ખાતેથી ફાયર ફાઈટરોની ટીમોને ઘટનાસ્થળે રવાના કરી દેવામાં આવી હતી.ઘટનાસ્થળે પહોંચેલા ફાયરના જવાનોએ ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને અડધા કલાકની ભારે મથામણ બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં લીધી હતી. જો કે, ફોટો સ્ટુડિયોની અંદર પ્લાસ્ટિક અને અન્ય સામાનને કારણે ધુમાડો ખૂબ જ વધારે પ્રમાણમાં ભરાઈ ગયો હતો. આ ધુમાડાને બહાર કાઢવા અને ફરીથી આગ ન ભડકે તે માટે ફાયરના જવાનો દ્વારા અંદાજે એક કલાક સુધી સતત કૂલિંગની કામગીરી કરવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

### પાંડેસરાની મિલમાં વાયરમેનને કરંટ લાગતા મોત

સુરતઃ પાંડેસરાની મિલમાં વાયરિંગનું કામ કરતા યુવકને વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં પાંડેસરામાં અપેક્ષાનગરમાં રહેતો 21 વર્ષીય ગૌરવ અશોકભાઇ ચૌહાણ પાંડેસરા વિસ્તારમાં આવેલ મિલમાં નોકરી કરતો હતો. શનિવારે બપોરે તે ડાંઈંગ મિલમાં વાયરિંગનું કામ કરતો હતો. ત્યારે તેની વીજ કરંટ લાગતા ત્યાં જ બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

### સગરામપુરામાં પત્નીના વિરહમાં વૃદ્ધે ફાંસો ખાધો

સુરતઃ સગરામપુરામાં પત્નીના વિરહમાં વૃદ્ધે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, સગરામપુરા વિસ્તારમાં આવેલ સાંકળી શેરીમાં 71 વર્ષીય અશ્વિન હીરાલાલ બાઉવાલા ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. આઠેક મહિના પહેલા તેમનાં પત્નીનું એક્સિડન્ટમાં અવસાન થયું હતું. ત્યારબાદ તે સતત માનસિક તનાવમાં રહેતા હતા. જેથી કંટાળીને શનિવારે તેઓએ ઘરના રસોડામાં ગેસની પાઇપ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે અઠવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### લસકાણામાં આર્થિક તંગીથી યુવકનો આપઘાત

સુરતઃ લસકાણામાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ઓરિસ્સાના વતની ૨૩ વર્ષીય ગણેશ પાંડબ ભુયાણ હાલમાં લસકાણા વિપુલ નગરમાં લાલભાઈના મકાનમાં રહેતો હતો અને લૂમ્સના કારખાનામાં નોકરી કરતો હતો. શનિવારે સાંજે તેણે ઘરમાં પંખાના હુક સાથે ગમછો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તેણે આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

### ગોડાદરામાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ ગોડાદરામાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મૂળ ઝારખંડના વતની અભિષેક શોખી રજક (20 વર્ષ) હાલમાં ગોડાદરા આસપાસ મંદિર પાસે આવેલી ભવાની સોસાયટીમાં રહેતો હતો અને કડિયા કામ કરતો હતો. શનિવારે તેણે ઘરમાં છતના હુક સાથે ગમછો બાંધીને ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. તેણે પ્રેમ પ્રકરણમાં આ પગલુ ભર્યુ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

### અધિક માસમાં શહેરભરમાં કથા-પૂજાનું આયોજન



રવિવારથી અધિક મહિનો શરુ થયો છે જેના કારણે જુદા જુદા મંદિરો અને શેરીઓમાં પૂજા અને કથાનું આયોજન કરવામાં આવી રહ્યું હરીપુરા ભોઇશેરીમાં યોજાયેલી કથામાં અનેક લોકો જોડાયા હતાં. **(તસવીર : સતીષ જાદવ)**

### બેન્ક સાથે છેતરપિંડી કેસમાં લોનધારક આરોપીનો છૂટકારો

સુરતઃ બોગસ દસ્તાવેજ પર કાર લોન મેળવી બેન્ક સાથે છેતરપિંડી કરનાર લોનધારક આરોપીને કોર્ટે પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ માનદરવાજા રેલ રાહત કોલોનીમાં રહેતા હિતેશ મદનલ ખરવરે આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી રૂપિયા ૭.૧૬ લાખની કાર લોન લીધી હતી. આ લોનના હપ્તાની ભરપાઈ નહીં થતાં બેન્ક મેનેજરે આરોપીએ બોગસ દસ્તાવેજ રજૂ કરી લોન મેળવી હોવાના આરોપ સાથે તા. ૨૭/૦૩/૨૦૦૭ ના રોજ અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલતાં આરોપી તરફે વકીલ જાવેદ મુલતાનીએ દલીલો કરી હતી. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે પુરાવાના અભાવે આરોપી હિતેશ ખરવરેને નિદોર્ષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# મનપા કમિશનરે પ્રિમોન્સુન કામગીરીની રીવ્યુ બેઠક શરૂ કરી

**રસ્તા,** ડ્રેનેજ અને હાઇડ્રોલિક લાઇનના કામો ઝડપથી પૂરા કરવા આદેશ

સુરત : ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આગામી જૂન મહિનાથી ચોમાસું દસ્તક દેવા જઈ રહ્યું છે, ત્યારે સુરત મહાનગરપાલિકાનું તંત્ર પ્રિ-મોન્સુન કામગીરી સમયસર પૂર્ણ કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. આ દરમિયાન પાલિકા કમિશનર એમ. નાગરાજન દ્વારા ઝોન પ્રમાણે શરૂ કરવામાં આવેલી રિવ્યૂ બેઠકોને પગલે મનપાના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. ગત અઠવાડિયે રાંદેર ઝોનની બેઠક બાદ, હવે સોમવારે બપોરે લિંબાયત ઝોનમાં કમિશનરની અધ્યક્ષતામાં એક મહત્વની સમીક્ષા બેઠક યોજાવા જઈ રહી છે. લિંબાયત ઝોનની આ બેઠકમાં ટેકનિકલ, નોન-ટેકનિકલ અને આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહેશે. ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલાં રસ્તા રિપેરિંગ, ડ્રેનેજ સફાઈ અને હાઈડ્રોલિક લાઈનના બાકી કામો ઝડપથી પૂરા થાય તેના પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે. પાલિકા કમિશનરે દર અઠવાડિયે અલગ-અલગ ઝોનમાં જાતે જઈને સમીક્ષા શરૂ કરતાં આખું તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

નોંધનીય છે કે, ગત અઠવાડિયે રાંદેર ઝોનમાં મળેલી પ્રથમ રિવ્યૂ બેઠકમાં કાર્યપાલક ઈજનેર દ્વારા હાઉસિંગ, ડ્રેનેજ, હાઈડ્રોલિક, આરોગ્ય, રોડ-રસ્તા, ગાર્ડન અને રીડિંગ રૂમ જેવા ચાલી રહેલા અને પૂર્ણ થયેલા પ્રોજેક્ટોનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. હાલ મનપા કમિશનર દ્વારા માત્ર પ્રિ-મોન્સુન કામગીરી જ નહીં, પરંતુ ઝોનના અન્ય પ્રોજેક્ટો, સ્થાનિક પ્રશ્નો અને વહીવટી ગૂંચવણો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી રહી છે.

# રિંગ રોડના વેપારી અને દલાલે ૯ વેપારીને ૧.૫૨ કરોડનો ચૂનો ચોપડ્યો

**સાડીનું** કાપડ ખરીદ્યા બાદ દુકાન અને મોબાઇલ બંધ કરી રાતોરાત રફૂચક્કર

સુરતઃ રિંગ રોડ વિસ્તારમાં આવેલી સાંઈદર્શન માર્કેટના એક વેપારીએ કાપડ દલાલ સાથે મેળાપીપણું કરીને સુરતના ૯ જેટલા ટેક્સટાઈલ વેપારીઓ પાસેથી રૂપિયા ૧.૫૨ કરોડથી વધુની કિંમતની સાડી ખરીદી હાથ ઊંચા કરી દીધા હતા.

મૂળ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના મોખડકા ગામના વતની અને હાલ સુરતમાં સરથાણા જકાતનાકા પાસે આવેલી વિશાલનગર સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષીય વિનય રમેશભાઈ ઈટાલિયા રિંગ રોડ ખાતે આવેલી કોહિનૂર ટેક્સટાઈલ માર્કેટમાં ‘પહેલ ફેશન’ના નામે સાડીના કાપડનો વેપાર કરે છે. ગત તારીખ ૨૮/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૫/૨૦૨૬ દરમિયાન રિંગ રોડની સંઈદર્શન માર્કેટમાં દુકાન નંબર યુ.જી.-૩૨-૩૩ માં ‘જય જીન ફેબ’ નામે વેપાર કરતા નિતેશ સાવરમલ અગ્રવાલે કાપડ દલાલ વિશાલ શર્મા મારફતે વિનય ઈટાલિયાનો સંપર્ક કર્યો હતો. તેમણે તેમની પેઢીમાંથી રૂ.૧૬,૮૨,૬૦૩ની સાડી ખરીદી હતી. આ જ ઠગ જોડીએ કાપડ બજારના અન્ય ૮ વેપારીઓને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. દલાલ વિશાલ શર્માએ આ અન્ય ૮ વેપારીઓ પાસેથી પણ કુલ્લે રૂ.૧,૩૫,૮૮,૭૨૫/- નો સાડીનો માલ નિતેશ અગ્રવાલની પેઢીમાં અપાવ્યો હતો. આમ, અન્ય વેપારી પાસે કુલ ૧,૫૨,૭૧,૩૨૮ની સાડી ખરીદી ઉઠમણુ કર્યું હતું.

### કોની સાથે કેટલી ઠગાઇ થઇ

» શ્રી રંગ ટેક્ષટાઇલના વહીવટકર્તા અનિલભાઈ હિમતભાઈ રાજાણી સાથે રૂ.18,50,000 » સંકલ્પ ટેક્ષના જેરામભાઈ દેવજીભાઈ પાવસીયા સાથે રૂ.2,71,480 » શ્રી પતી સિન્થેટીક્સના માતંગ જયેશભાઈ કાકડિયા સાથે રૂ.39,44,143 » જય ભોલે ફેબના પિયુષભાઈ વશરામભાઈ ગાંગાણી સાથે રૂ.21,48,872 » ઓમકાર ફેબના જીતેશ પરશોતમભાઈ ક્યાડા સાથે રૂ.17,02,647 » માં ક્રિએશનના અશ્વીનભાઈ વલ્લભભાઈ સિતાપરા સાથે રૂ.4,84,187 » વંશીકા ફેબ્રીક્સના પંકજ રમેશકુમાર ગુપ્તા સાથે રૂ.25,03,141 » મારુતી ક્રિએશનના પરેશભાઈ અમરશીભાઈ માંગુકીયા સાથેરૂ.6,84,255ની ઠગાઇ કરી છે.

# કોંગ્રેસમાં એક સાંધે ત્યાં 13 તૂટે તેવી સ્થિતિ, મતભેદ યથાવત

**કોંગ્રેસ** શહેર પ્રમુખ અને પ્રદેશ કાર્યકારી પ્રમુખની અલગ અલગ બેઠકો યોજાઇ

સુરતઃ સુરત શહેર અને જિલ્લા કોંગ્રેસમાં ચાલતો આંતરિક વિખવાદ અને જૂથવાદ ફરી એકવાર જાહેરમાં આવ્યો છે. શહેરમાં કોંગ્રેસ નવનિર્માણ અભિયાન અંતર્ગત એક જ દિવસે બે અલગ-અલગ કાર્યક્રમો યોજાતા રાજકીય ગરમાવો આવી ગયો છે. એક તરફ ભટાર વિસ્તારમાં નારાજ કોંગ્રેસીઓનું સંમેલન યોજાયું હતું, તો બીજી તરફ કતારગામ ખાતે શહેર કોંગ્રેસ દ્વારા સત્તાવાર સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. એક જ દિવસે યોજાયેલા આ બે સમાંતર કાર્યક્રમોએ સાબિત કરી દીધું છે કે સુરત કોંગ્રેસમાં બધું બરાબર નથી ચાલી રહ્યું અને બંને જૂથ સામસામે શક્તિ પ્રદર્શન કરી રહ્યા છે.

શહેરમાં કોંગ્રેસના બે ફાડિયા સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. ભટાર સ્થિત કાપડિયા વાડી ખાતે નારાજ જૂથ દ્વારા નવનિર્માણ અભિયાન અંતર્ગત એક મોટું સંમેલન બોલાવવામાં આવ્યું હતું, જેની આગેવાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલે લીધી હતી. જ્યારે કતારગામ ખાતે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની આગેવાનીમાં સત્તાવાર સમીક્ષા બેઠકનું આયોજન થયું હતું. કોંગ્રેસના બે મોટા હોદ્દેદારો અલગ-અલગ કેમ્પ ચલાવતા હોવાનું ચિત્ર ઉપસતા કાર્યકરોમાં પણ અસમંજસની સ્થિતિ જોવા મળી હતી. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ અત્યંત નબળો રહ્યો હતો, આ નિષ્ફળતા કેમ મળી અને ક્યાં ખામી રહી ગઈ તેની વિસ્તૃત ચર્ચા આ બેઠકોમાં કરવામાં આવી રહી છે.

# પુણાના PI વી. એમ. દેસાઈને સસ્પેન્ડ કરાયા

**લાખોની** કિંમતના દારૂના દરોડામાં રાજ્ય પોલીસ વડાએ કડક વલણ અપનાવ્યું

**ડીજીપીની** કાર્યવાહીથી બુટલેગરો સામે ઢીલું વલણ રાખતા પોલીસ અધિકારીઓમાં ભારે ફફડાટ

સુરતઃ પુણા પોલીસ મથકની હદમાંથી થોડા દિવસો પૂર્વે સ્ટેટ મોનિટરિંગ સ્ક્વોડ (વિજિલન્સની ટીમે) રેડ કરીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પ્રોહિબિશનના આ મોટા કેસના ઘેરા પ્રત્યાઘાતો પોલીસ બેડામાં પડ્યા છે. આ ચકચારી ઘટનાને પગલે પુણા ગામ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર (પી.આઈ.) વી.એમ. દેસાઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવે આ મામલે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. છેલ્લાં અંદાજે બે વર્ષથી રાજ્યમાં આ પ્રકારે દારૂ ઝડપાવવાના કિસ્સાઓમાં જે-તે પોલીસ મથકના પી.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવતા ન હતા. પરંતુ ડીજીપી રાવે તાજેતરમાં જ એક અન્ય પી.આઈ.ને સસ્પેન્ડ કર્યા બાદ, દારૂના કિસ્સામાં પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેવી આ બીજી ઘટના સામે આવી છે. રાજ્યના પોલીસ વડા દ્વારા હાલ આ મામલામાં સખ્ત વલણ અપનાવવામાં આવી રહ્યું છે. ડીજીપીની આ આકરી કાર્યવાહીને પગલે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં નિષ્કાળજી દાખવતા તેમજ બુટલેગરો સામે ઢીલું વલણ રાખતા પોલીસ અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ઉધનામાં હિસ્ટ્રીશીટર ‘બટકા’ પર ચપ્પુના ઘા ઝીંકાયા, હાલત નાજુક

**૨૦૦** મીટરે જ પોલીસ ચોકી છતાં હુમલો, રાહુલ ઉર્ફે બટકા 48 કલાક પહેલાં જ પાસામાંથી છૂટ્યો હતો

સુરતઃ શહેરમાં જાણે ગુનેગારોને પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાવ કથળી ગઈ છે. ઉધના પોલીસની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતા ત્યારે સપાટી પર આવી જ્યારે રવિવારે સાંજે બીઆરસી પોલીસ ચોકીથી માત્ર ૨૦૦ મીટરના અંતરે જ ત્રણથી ચાર હુમલાખોરે એક હિસ્ટ્રીશીટર પર ચપ્પુ વડે સરેઆમ ખૂની હુમલો કરી દીધો. આ હુમલાનો ભોગ બનનાર રાહુલ ઉર્ફે બટકો નામનો અસામાજિક તત્ત્વ માત્ર બે દિવસ પહેલાં જ પાસામાંથી છૂટીને આવ્યો હતો.

ઘટનાની વિગતો એવી છે કે, ૧૫થી ૨૦ જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો અને કૈલાશનગરમાં જ રહેતો રાહુલ ઉર્ફ બટકો રવિવારે સાંજે સવા સાત વાગ્યાના અરસામાં કૈલાશનગર ગેટની સામેથી પસાર થઈ રહ્યો હતો. પોલીસ ચોકી તદ્દન નજીક હોવા છતાં, હુમલાખોરો બેખોફ બનીને તીક્ષ્ણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા. જાહેરમાં ખેલાયેલા આ લોહિયાળ ખેલને કારણે સ્થાનિક શાકભાજી માર્કેટમાં ભયના માર્યએ નાસભાગ મચી ગઈ હતી. સવાલ એ ઊભો થાય છે કે પોલીસ તંત્ર આટલું સુષુપ્ત કેમ છે કે ગુનેગારો પોલીસ ચોકીની આસપાસ જ આવા ગુના આચરવાની હિંમત કરી રહ્યા છે? હુમલાખોરો રાહુલને લોહીલુહાણ અને મરણતોલ હાલતમાં મૂકીને આસાનીથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા રાહુલને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હુમલો કરનાર આરોપીઓ પોતે જ પોલીસ સ્ટેશને જઈને હાજર થઈ ગયા હતા. ગુનેગારોને પકડવામાં પોલીસની સુસ્તી અને આરોપીઓની આ પ્રકારની નિર્ભયતા પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે. ભોગ બનનાર રાહુલ ઉર્ફ બટકો કોઈ સામાન્ય નાગરિક નથી પરંતુ ૧૫થી વધુ ગુનામાં સંડોવાયેલો રીઢો હિસ્ટ્રીશીટર છે. જેલમાંથી છૂટ્યાના માત્ર ૪૮ કલાકમાં જ તેના પર અંગત અદાવતમાં હુમલો કરવામાં આવ્યો છે. સ્થાનિક રહીશોમાં ચર્ચા છે કે જો પોલીસ આવી જ રીતે નિષ્ક્રિય બેસી રહેશે તો સામાન્ય જનતાની સુરક્ષા કોના ભરોસે? હાલમાં ઉધના પોલીસે ગુનો નોંધીને તપાસનો દોર શરૂ કર્યો છે.

# ડિજિટલ વસતી ગણતરી શરૂ કેન્દ્રીય મંત્રીએ કરી ‘સ્વગણના’

**૩૧** મે સુધી નાગરિકો ઓનલાઇન ડેટા અપલોડ કરી શકશે, આજે મુકેશ દલાલ અરવિંદ રાણા પણ જોડાશે

સુરત : દેશભરમાં આયોજિત ડિજિટલ વસ્તી ગણતરી અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૧૭ મે, રવિવારથી વસ્તી ગણતરીનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે, જેને પગલે વહીવટી તંત્ર સંપૂર્ણપણે સક્રિય બન્યું છે. આ અભિયાનના પ્રથમ દિવસે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકીયા વગેરેએ ઉત્સાહભેર ભાગ લઈ ‘સ્વગણના’ (સેલ્ફ એન્યુમરેશન) કરી હતી. આ ઝુંબેશ અંતર્ગત આગામી સોમવારે સાંસદ મુકેશ દલાલ અને ધારાસભ્ય અરવિંદ રાણા સહિતના રાજકીય આગેવાનો જોડાશે. આ ઉપરાંત અનેક જાગૃત નાગરિકોએ પણ પ્રથમ દિવસે જ ઘરબેઠા ઓનલાઈન માધ્યમથી આ પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

ડિજિટલ યુગમાં નાગરિકોની સુવિધા માટે ઊભી કરાયેલી ‘સ્વગણના’ની વ્યવસ્થા હેઠળ શહેરીજનો ૩૧ મે સુધી ખુદ જ ઓનલાઈન માધ્યમથી પોતાની માહિતી અપલોડ કરી શકશે. આ વિશેષ ઝુંબેશમાં રાજ્યના તમામ ઘરોને આવરી લઈને ચોક્કસ આંકડા અને માહિતી એકત્રિત કરવામાં આવશે. ત્યારબાદ, ૧ જૂનથી આશરે ૧૫,૮૦૦ જેટલા ગણતરીદારો અને સુપરવાઈઝરો પ્રત્યક્ષ રીતે ઘરે-ઘરે જઈને ડેટાની ડિજિટલ નોંધણીની કામગીરી સંભાળશે. રવિવારે સવારે ડિજિટલ વસ્તી ગણતરીમાં જોડાઈને આંગળીના ટેરવે માહિતી અપલોડ કર્યા બાદ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, જનગણના ૨૦૨૭ એ દેશના ભાવિ વિકાસ અને આયોજન માટે ભારત સરકાર દ્વારા હાથ ધરાતી સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયાઓમાંથી એક છે.